IITGn ખાતે અમલથિયા ૨૦૧૮માં સ્ટુડન્ટ્સ દ્વારા બનાવેલ યુનિક પ્રોજેક્ટ્સ રહેશે આકર્ષણના કેન્દ્રો

# યુવાન દ્વારા બનાવેલ વિશ્વનું સૌથી હલકું સેટેલાઇટ ક્લાઈમેટ પણ એક્ઝિબિટ કરાશે



આઈ.આઈ.ટી. ગાંધીનગર કેમ્પસમાં આગામી તા. ૨૦ અને ૨૧મી ઓક્ટોબરે યોજાનાર અમલથિયા ૨૦૧૮નું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. દર વર્ષે સ્ટુડન્ટ્સ દ્વારા અનસ્ટુડન્ટ્સ માટે યોજાતી આ ઈવેન્ટમાં સમગ્ર ઈન્ડિયાની પ્રીમિયર ઈન્સ્ટિટ્યૂટસમાંથી સ્ટુડન્ટ્સ પાર્ટિસિપેટ કરશે. આ વખતે યોજાનાર અમલથિયામાં પોકેટ સાઈઝ કમ્પ્યૂટર, ડિજિટલ સ્ટેથોસ્કોપ, ૩ડી પ્રિન્ટર, હ્યુમનોઈડ રોબોટ, પોર્ટેબલ સોલર પેનલ, એડવાન્સ વોકિંગ સ્ટિક ફોર બ્લાઈન્ડ પિપલ, લેન્ગ્વેજ કન્વર્ઝન ઈન્ટરફેસ, રોબોટિક ફોર ચિલ્ડ્રન સહિતના ઘણા યુનિક અને ઈનોવેટિવ પ્રોજેક્ટ શો કેસ કરાશે.

**તા. ૨૦-૨૧મી ઓક્ટોબરે યોજાનાર ઇવેન્ટમાં દેશની પ્રીમિયર ઇન્સ્ટિટ્યૂટમાંથી સ્ટુડન્ટ્સ પાર્ટિસિપેટ કરશે**

આ ઈવેન્ટમાં થર્મલ ટેક્નોલોજી થકી પ્લાસ્ટિકને સિન્થેટિક યૂઝેબલ ફ્યૂઅલમાં કન્વર્ટ કરી દેનાર ટેક્નોલોજી સાથે ૧૮ વર્ષીય યુવાન દ્વારા વિશ્વનું સૌથી હલકું સેટેલાઈટ ક્લાઈમેટ્સ ઉપરાંત કઈ પણ વ્યક્તિની લાળ પરથી તેને કયો રોગ છે તે જાણી શકાય તેવી ટેક્નોલોજી એક્ઝિબિટ કરાશે. આગામી દિવસોમાં આઈ.આઈ.ટી.ગાંધીનગર કેમ્પસમાં યોજાનાર અમલથિયામાં સ્ટુડન્ટ્સ દ્વારા વિવિધ એક્ટિવિટી,કોન્ક્લેવ, સમિટ, સિમ્પોઝિયમ અને એક્ઝિબિશન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાશે.

**Title:** Unique projects by students will be center of attraction in Amlathea 2018 at IITGN
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/205216/5bb929b78c332
**Date:** 07-10-2018